ગાંધીનગરના ૩૭૭૧ પરિવારોને ખોરડું ખરૂ પણ ઓરડાની ખેંચ

કુટુંબની સભ્ય સંખ્યા અને મકાનની સ્થિતિ જોઈએ તો ગાંધીનગરમાં ૩૭૧ એવા પરિવારો (વ્યક્તિ જ) છે જેઓ ચાર-પાંચ કે છ કે છ થી વધુ ઓરડા ધરાવતા મકાનમાં એકલા રહે છે ! જ્યારે તેની સામે તદ્દન વિપરિત કહી શકાય એવી સ્થિતિ એ પણ છે કે ૩૭૭૧ પરિવારો એવા પણ છે તેઓ પાસે રહેવા માટે ઘરમાં એક અલાયદો ઓરડો પણ નથી ! - આ આંકડાઓ ગાંધીનગરની વસ્તી ગણતરીના અહેવાલમાં દર્શાવાયા છે.

ગુજરાતમાં કુલ ૧ કરોડ ૨૧ લાખ ૮૧,૭૧૮ પરિવારો ગણતરીમાં સમાવિષ્ટ થાય છે જે પૈકી ગાંધીનગરના ૨ લાખ ૮૭ હજાર પરિવારો છે. ગુજરાતની સરખામણીએ ગાંધીનગરના પરિવારોની ટકાવારી ૨.૩૫ ટકા થાય છે. ગુજરાતની સરખામણીએ ગાંધીનગરના પરિવારો, તેમની સભ્ય સંખ્યા અને જે ઘરમાં રહે છે તેના ઓરડાઓની વ્યવસ્થાના આંકડાઓનું વિશ્લેષણ મજાનું છે.

ગાંધીનગરમાં ૨ લાખ ૮૭ હજાર પરિવારો પૈકી ૧૧૯૯૫ પરિવાર એવા છે કે જેની સભ્ય સંખ્યા એક જ પરિવારની છે.

૩૭૧ એકલ પરિજન પણ ઘરમાં ઓરડાની સુવિધા પાંચ-છની છે !

તેમ છતાં આ એકલ વ્યક્તિ પરિવારમાં રૂમની સંખ્યા એક કરતા વધારે છે એવી સ્થિતિ છે. જેમકે એકલી રહેતી અને છતાં સેન્સસની ભાષામાં જેને પરિવાર કહેવાય એવા ૪૧૩૫ કુટુંબ બે રૂમની સુવિધા ધરાવે છે તો ૧૭૯૪ ત્રણ રૂમ, ૨૪૧ ચાર રૂમ, ૮૦ પાંચ રૂમ અને ૫૦ ૬ રૂમ કે તેથી વધુ રૂમ ધરાવતા ઘરમાં જીવન વિતાવે છે. એક ઘરમાં બે વ્યક્તિ હોય તો એક રૂમનું મકાન બરાબર છે એમ કહી શકાય પરંતુ મહેમાન સહિત અન્ય કારણોસર બે રૂમનું મકાન આદર્શ ગણાવીએ તો આપણે એ જોઈએ કે જ્યાં ઘરમાં પાંચથી વધારે સભ્યો કુટુંબમાં હોય તો કેવી સ્થિતિ ઘરના ઓરડાઓ બાબતે એ જોઈએ. કુટુંબ સમાજજીવનમાં હવે સંયુક્ત કુટુંબમાંથી વિભક્ત કુટુંબનું પ્રમાણ વધતુ જાય છે. આ સંજોગોમાં પતિ-પત્ની અને બે બાળકો એટલે એક પરિવારમાં ચાર વ્યક્તિઓ સરેરાશ સામાન્ય છે પરંતુ આપણે જો એક સભ્ય વધારે હોય એટલે કે પરિવારમાં પાંચ સભ્યો હોય તો કેવી સ્થિતિ છે ગાંધીનગરના ઘર પરિવારની, એ તરફ દૃષ્ટિ દોડાવીએ તો આવા કુલ ૫૯,૦૭૦ પરિવારો ગાંધીનગરમાં છે. જેમાંથી ૬૭૦ પરિવારો વચ્ચે કોઈ અલગ રૂમની વ્યવસ્થા જ નથી. તો ૧૬,૯૬૮ પરિવારો ૧ રૂમની સવલત, ૨૫,૫૧૧ પરિવારો ૨ રૂમની, ૧૧,૭૨૮ પરિવારો ૩ રૂમની, ૨૪૪૬ ચાર રૂમની, ૧૧૪૮ પાંચ રૂમની અને ૭૯૮ પરિવારો છ કે તેથી વધુ રૂમની સવલત ધરાવે છે.

જો આપણે આનાથી બમણી સભ્ય સંખ્યા હોય એવા પરિવારની વિગત જોઈએ તો ૧૩૪ એવા પરિવારો છે જેમની કુટુંબ સભ્ય સંખ્યા ૯ સભ્યોથી વધુ છે પરંતુ તેમના માટે એક અલાયદો રૂમ પણ નથી. પરણિત કે અપરણિત-વડીલ કે યુવાન કે બાળક ગમે તે સભ્ય હોય તેમના માટે અંગત રૂમ જ નથી. સ્ત્રી-પુરૂષ-આબાલ-વૃદ્ધ બધા એક છત નીચે એક ખુલ્લા ઓરડામાં રહે છે. જ્યારે ૨૬૦૫ પરિવારો એવા છે જેઓને નવ કે તેથી સભ્ય સંખ્યા હોવા

● અનુસંધાન પાન-૭ પર

કલ્યાણલક્ષી યોજનાઓનો લાભ છેવાડા સુધી પહોંચ્યો કે નહિ તેનો અભ્યાસ કરાશે

વિકાસ કમિશ્નરની કચેરીમાં આ બાબતે ખાસ સેલ ઉભો કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૯

સરકારની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓના સુચારૂ મોનીટરીંગ માટે વિકાસ કમિશ્નરશ્રીની કચેરીમાં હવે અલાયદો સેલ ઉભો કરાશે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્યકક્ષાએ તેના અમલીકરણ દરમ્યાન ઉપસ્થિત થતા પ્રશ્નોના સુચારૂ ઉકેલ તેમજ જિલ્લાકક્ષાએ થતી કામગીરીનું અસરકારક મોનીટરીંગની આવશ્યકતા ઉભી થઈ હોવાનું જણાતાં આ સેલ ઉભો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે તાત્કાલિક પાંચ વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓની ટીમ બનાવી પાંચ જિલ્લામાં ખાસ તપાસ માટે જશે. આ ટીમ જિલ્લાની મુલાકાત દરમ્યાન કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના જિલ્લામાં થયેલ અમલીકરણ સંબંધે અભ્યાસ અને સ્થળ મુલાકાત લેશે. એટલું જ નહિ આ ટીમ અન્ય વહીવટીય કામગીરી પણ જોઈ પોતાનો સર્વગ્રાહી અહેવાલ તૈયાર કરી વિકાસ કમિશ્નરશ્રીને આપશે.

વિશ્વસનીય સૂત્રોના જણાવ્યાનુસાર પ્રથમ તબક્કામાં જુનાગઢ, દેવભૂમિ-દ્વારકા, ભરૂચ, સાબરકાંઠા અને ખેડા જિલ્લાની મુલાકાતે ટીમ જશે.

બે સભ્યોની આ ટીમ રહેશે. આ ટીમ સપ્ટેમ્બરના અંત સુધીમાં પોતાનો અહેવાલ આપશે. આ પછી અન્ય જિલ્લાઓની ફાળવણી કરાશે. આ બધીજ આનુસંગિક કામગીરી માટે વિકાસ કમિશ્નરશ્રીની કચેરીમાં એક ખાસ મોનીટરીંગ સેલ કાર્યાન્વીત કરવામાં આવશે.

પ્રધાનમંત્રી આવાસ યોજનામાં માત્ર મહિલા લાભાર્થીને જ અગ્રતા આપવા સરકારની સુચના

ગાંધીનગર, તા. ૯

રાજ્ય સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મહિલાને જ લાભાર્થી બનાવવામાં આવે તેવી સૂચના જિલ્લાઓમાં આપી હોવાની વાતને લઈ પાટનગરમાં રાજકીય ગરમાવો આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે પ્રધાનમંત્રી આવાસ યોજના એ કેન્દ્ર સરકારની ફ્લેગશીપ યોજના છે. યોજનાનો હેતુ રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં વસતા ઘરવિહોણા લાભાર્થીઓને તથા કાચા અને જર્જરિત મકાનોમાં રહેતા પરિવારોને પાયાની સુવિધાઓ સાથે પાકુ આવાસ પુરૂ પાડવાનો છે.

જે લાભાર્થી જીઈઝઝ-૧૧ ની યાદીમાં નામ ધરાવે છે અને પાત્રતા ધરાવે છે તેમને ગ્રામસભામાં ઠરાવ કરી મંજૂરી અપાય છે.

યોજનાની ગાઈડલાઈનમાં દર્શાવ્યા મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજનાના આવાસની ફાળવણી મહિલાના નામે કરવાની અગ્રતા આપવાની રહે છે. ત્યારબાદ પતિ-પત્નિના સંયુક્ત નામે ફાળવણી કરી શકાય છે. પરંતુ હવે પછી આવા આવાસોની ફાળવણી માત્ર મહિલાઓને નામે જ થાય તે જોવુ અને તેને જ મંજૂરી આપવામાં આવે તેવી સૂચનાઓ અપાઈ છે.

રાજ્યમાં મહિલાઓને નામે દસ્તાવેજ થાય તો સ્ટેમ્પડ્યુટીમાં પણ રાહત મળે છે. સરકાર આમ કરી મહિલા સશક્તિકરણને નવી દિશા આપવા માંગે છે તેમજ મહિલાના નામે આવાસ હોવાથી મહિલાને આર્થિક સમૃદ્ધિમાં ભાગીદારી આપી છે તેવો દાવો પણ થઈ શકે.

મનપાની ભરતી માટેની પરીક્ષામાં ૪૦ ટકા પરીક્ષાર્થી ગેરહાજર

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજે જુદી જુદી નવ સંવર્ગની ભરતી માટેની યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષામાં ૫૦ થી ૬૦ ટકા જેટલા જ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજે ત્રણ તબક્કામાં આ પરીક્ષા યોજવામાં આવી હતી. પરીક્ષા દરમિયાન કોઈ જ ગેરરીતિનો કિસ્સો ધ્યાને આવ્યો ન હોવાનું મનપાના સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આજની પરીક્ષામાં એકંદરે પ્રશ્નપત્રો સરળ રહ્યા હોવાનું પરીક્ષાર્થીઓનું મંતવ્ય રહ્યું છે. હવે ૨૩મી સપ્ટેમ્બરના રોજ મનપાની વિવિધ સંવર્ગની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાનો અંતિમ રાઉન્ડ રહેશે.

મનપાની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પરીક્ષાર્થીઓની હાજરી ઓછી હોવાની વાતને લઈ પણ નગરજનોમાં ચર્ચા ચાલી રહી છે. ગત પરીક્ષા વખતે સરકારની વિવિધ પરીક્ષાઓ પણ હતી પરંતુ આ વખતે પણ પરીક્ષાર્થીઓની ટકાવારી ૬૦ થી ૬૫ સુધી જ હાજરી જણાઈ છે.

૩૨ ગામોમાં ઘનકચરાના નિકાલ માટે સેગ્રીગેશન શેડ બનાવવામાં આવશે

પોણા ત્રણ લાખના અંદાજિત ખર્ચે આ સેગ્રીગેશન શેડ બનાવવામાં આવશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં ઘનકચરાના નિકાલ પછી હવે 'કચરામાંથી કંચન' પ્રોજેકટ અંતર્ગત આ સુકા અને ભીના કચરાને અલગ કરવા માટે ૩૨ ગ્રામ પંચાયતોમાં સેગ્રીગેશન શેડ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા બનાવવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે રૂ. પોણા ત્રણ લાખના અંદાજિત ખર્ચે આ સેગ્રીગેશન શેડ બનાવવામાં આવશે. આ માટેની વહીવટીય અને તાંત્રિક મંજૂરીઓ પણ આપી દેવામાં આવી છે.

ચારેય તાલુકામાંથી આ અંગે ગામોની પસંદગી કરવામાં આવી હોવાનું ગ્રામ વિકાસ એજન્સીના સૂત્રોએ જણાવ્યું છે. આ સૂત્રોએ જણાવ્યું છે કે સ્વચ્છતા સર્વેક્ષણ બાદ સ્વચ્છતા અભિયાન અંતર્ગત આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જે ગામોમાં સેગ્રીગેશન શેડની મંજૂરી અપાઈ છે તેમાં ગાંધીનગર તાલુકાના કોબા, વાવોલ, કોલવડા, ડભોડા, પ્રાંતિયા ઉવારસદ, વાસણ, રૂપાલ, દોલારાણા વાસણા ઉપરાંત માણસા તાલુકાના લોદરા, કલોલ તાલુકાના ધમાસણા, બોરીસણા, હાજીપુર, સઈજ, પલસાણા અને દહેગામ તાલુકાના કડજોદરા, હરસોલી, નવાનગર, શિયાવાડા, બારિયા, કનીપુર, કડાદરા, કરોલીનો સમાવેશ થાય છે.

જિલ્લામાં સ્વચ્છતા અભિયાન સઘન રીતે ચાલી રહ્યું હોવાનું આ સૂત્રોએ જણાવતા કહ્યું હતું કે કમ્પોઝડ ખાતર માટે બેડ બનાવવાની પણ વિશેષ તાલિમ આપવામાં આવી છે. જિલ્લામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ખુલ્લામાં શૌચક્રિયા હવે થતી નથી અને તેના માટે ગ્રામીણ વિસ્તારોમાં ખાસ નિગરાની કમિટી પણ કામગીરી કરી રહેલ છે.

આમ-આદમી બીમા યોજના ૩૦ જૂન બાદ શ્રમ વિભાગને હવાલે

ગાંધીનગર, તા. ૯

આમ આદમી બીમા યોજના ૩૦-૬-૨૦૧૯ પછી શ્રમ અને રોજગાર વિભાગને તબદીલ કરવામાં આવશે અને ૩૦-૬-૧૯ સુધી આ અંગેની તમામ કામગીરી ગ્રામવિકાસ વિભાગ સંભાળશે.

રાજ્યના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે આ અંગે ભારત સરકારના પત્રને વંચાણે લઈ આ હુકમો જારી કર્યા છે.

આમ આદમી બીમા યોજનાનું પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના સાથે સંયોજન/એકત્રીકરણ ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ હોવાથી આમ આદમી બીમા યોજનાની સંપૂર્ણ કામગીરી શ્રમ અને રોજગાર વિભાગને સોંપવાના નિર્ણયને પગલે રાજ્ય સરકારે પણ આ નિર્ણય કર્યો છે. રાજ્યના પંચાયત વિભાગે ભારત સરકારના પત્રનું અમલીકરણ કરેલ છે. ગ્રામ વિકાસ વિભાગ હાલ આ યોજના સંભાળશે. ૩૦-૬-૧૯ પછી આ આખીય યોજના શ્રમ અને રોજગાર વિભાગને તબદીલ થશે અને તે ગ્રામ શ્રમ આયુક્તની કચેરી દ્વારા અમલીકરણમાં આગળ વધશે.

મનપા દ્વારા દબાણો સામેની ઝુંબેશ આગળ વધશે કે પછી વિરામ લંબાવાશે?

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગેરકાયદે દબાણો અંગે પ્રસિધ્ધ કરાયેલ જાહેર નોટીસની મુદત પૂર્ણ થતાં સોમવારથી દબાણ દૂર કરવાની કામગીરી પુનઃ હાથ ધરાશે.

ગાંધીનગર શહેરમાં જાહેર માર્ગો પર આવેલ દબાણો જે ટ્રાફિકને અડચણરૂપ છે તે દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાશે. આ ઉપરાંત રહેણાંક વિસ્તારમાં વાણિજયક વિસ્તાર તરીકે રૂપાંતરિત થયેલ મિલ્કતોમાં કેવું વલણ મનપાનું તંત્ર અપનાવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

દબાણોને લઈ મનપા દ્વારા હાલ તો ધીમી ગતિએ તૈયારીઓ ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે. ૧૪મીએ સામાન્ય સભા તેમજ સોમવારે બંધના એલાનને પગલે તંત્ર હાલ આ સંવેદનશીલ મુદ્દાને કઈ રીતે પહોંચવું તે માટેની વ્યુહરચના તૈયાર કરી રહેલ છે.

શહેરમાં ૧૫૦૦થી વધુ દબાણો છે. તંત્ર દ્વારા દબાણો દૂર કરવા માટેની કામગીરીમાં હજુ એકાદ સપ્તાહ જેટલો સમય આવવાની વાત વિચારાધીન હોવાનું પણ જાણવા મળેલ છે.

સે-૨૪માં દબાણો દૂર કરવાની કામગીરી દરમિયાન મળેલ ફરિયાદો પછી તંત્ર હવે બહુ ઉતાવળના મૂડમાં પણ નહિ હોવાનું મનાઈ રહ્યું છે.

સેવા કેન્દ્ર - ભાદરવી પૂનમના મેળે અંબાજી જતા પદયાત્રીઓ માટે શહેરમાં અનેક સ્થાનો પર સેવા કેન્દ્રો બની રહ્યા છે... એકાદ-બે દિવસમાં બોલ મારી અંબે... જય જય અંબેના જયઘોષ સાથે પસાર થતા પદયાત્રીઓની સેવા માટેની તૈયારીઓ આરંભાઈ ગઈ છે...

બેસણું

અમારી પુત્રી **પર્સીસ નામદેવ વર્સાત**નું સ્વર્ગવાસ તા. ૫/૯/૨૦૧૮, બુધવારના રોજ થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૧૧/૯/૨૦૧૮, મંગળવાર સવારે ૯થી ૧૨ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૩૫૬/૨, સેક્ટર-૭/એ, ગાંધીનગર. મો. ૯૮૯૮૨૦૪૨૪૪

લિ.
મેહુલ નામદેવ વર્સાત (ભાઈ) નામદેવ કે. વર્સાત (પિતા)
હર્ષ નામદેવ વર્સાત (ભાઈ) જીતેન્દ્ર એન. કટારા (પતિ)
હિત જે. કટારા (પુત્ર)

બેસણું



સ્વ. મહેશચંદ્ર એલ. નાણાવટીના પુત્ર **ચિ. હિતેશ** તા. ૬/૯/૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે. **સદ્ગતનું બેસણું તા. ૧૦/૯/૨૦૧૮ને સોમવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક** દરમિયાન રાખેલ છે.

સ્થળ : ન્યુ પાર્ટી પ્લોટ, જી.ઈ.બી. કોલોની, ગાંધીનગર

લી.
ગં.સ્વ. વિદ્યાનીધીબેન નાણાવટી કૌષા નાણાવટી (પુત્રી)
દિપલ નાણાવટી નિસર્ગ નાણાવટી (પુત્ર)
કલ્પનાબેન વાલ્મિકભાઈ જોષીપુરા

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે તથા સમયે રાખેલ છે.
સ્વ. યશવંતરાય બી. ભટ્ટ તથા ગં.સ્વ. ઉર્મિલાબેન ભટ્ટ પરિવાર

GSPC
Used Vehicle for Sale

Sr. No	Detail of Vehicle	Type of Vehicle	Year of Purchase
1	GJ 18 X 2155	TATA CNG/2005 AC staff Bus 2X2 41 seat	2008

Interested parties may inspect the vehicle at parking space at GSPC Bhavan at given address during 11.00am to 05.00 pm on any working day. The offers for purchase of vehicle may be submitted in sealed cover with (EMD) of Rs. 3000/- by DD/ Cheque in favour of Gujarat State Petroleum Corporation Ltd, payable at Gandhinagar to be submitted at following address latest by 5.00pm on or before 14/09/2018 . The bidders are requested to mentioned "Offer for purchase of Vehicle" on top of the sealed cover for identification. The company reserves its right to reject any or all the offers without assigning any reason. Contact No :- 9825028447

Sr. Manager (Admin) , Gujarat State Petroleum Corporation Limited
GSPC Bhavan , 7th Floor , Sector -11 , Gandhinagar - 382010

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

અરજન્ટ જોઈએ છે
SBI Life માટે
પગાર ૨૦,૦૦૦ થી ૫૦,૦૦૦
-: સંપર્ક :-
મહેન્દ્રભાઈ-૯૭૨૭૨૮૮૫૫૯
તન્વી ભાવસાર-૯૦૯૯૯૮૦૯૦૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૮૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com